તા. ૨૯/૮/૨૦૧૮ - બુધવાર -

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કબીર લહેર તળાવના નવા નીરના વધામણા

**ખબર-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એનડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ સરકારની સુઝલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત જામનગર ચેમ્બર, જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન, જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન, નાઘેડી-લાખાબાવળ ફેક્ટરી ઓનર્સ એસોસીએશન, એચ.જે.લાલ (બાબુભાઈ) ચેરીટેબલ ટ્રસ્ટ, સ્વામિનારાયણ સમાજ સેવા ટ્રસ્ટ, બાલા હનુમાન સંકિર્તન મંદિર, ધી નવાનગર કો-ઓપરેટીવ બેન્ક, ધી કોમર્શીયલ કો-ઓ.બેન્ક, કબીર આશ્રમ, તથા અન્ય વિવિધ એસોસીએશન તથાન ધાર્મિક સંસ્થાઓ વિગેરેના સહયોગથી કબીર લહેર તળાવના કાંઠા વધારવાની કામગીરી શરૂ થયેલ હતી. આ કામગીરી જામનગર ચેમ્બરે ખુબ જ ટુંકા સમયગાળામાં પુર્ણ કરેલ. તાજેતરમાં આ વિસ્તારમાં સારો એવો વરસાદ થયેલ અને લહેર તળાવ પુર્ણ સ્વરૂપે ભરાય ગયેલ છે. પાળાની ઉંચાઈ વધારતા સારો એવો પાણીનો જથ્થો આવી જતા જામનગર ચેમ્બર દ્વારા તા.૨૮ ઓગષ્ટના રોજ પાણીનું પૂજન કરવાનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ જામનગર મહાનગરપાલીકાના કમિશ્નર સતીષ પટેલ, રાજેન્દ્ર સરવૈયા, નિવાસી અધિક કલેકટર તથા હાજર મહાનુભાવોએ ચુંદડી, નારિયેળ ફુલ પધારવી પાણીનું પુજન કરેલ હતું. સાથે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં કમિશ્નર સતીષ પટેલ, રાજેન્દ્ર સરવૈયા, નિવાસી અધિક કલેકટર, સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસ, કિશોરભાઈ દવે, નિતેષભાઈ કોટેચા, નિતીનભાઈ કેશવાલા, સોનીલ શાહ વિગેરેએ વૃક્ષારોપણ કરેલ હતું. સમગ્ર કાર્યક્રમમાં ચેમ્બરના તમામ હોદેદારઓ, આ ભગીરથ કાર્યમાં અનુદાન આપનાર તમામ દાતાઓ, સહકારી બેન્કોના પ્રતિનિધિઓ, વિવિધ ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિ તથા ગામના સરપંચ અને આગેવાન નેતાઓ, અધિકારીઓએ પ્રેરણાબલ પુરૂ પાડેલ હતું.

